R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-23 • ISSUE: 08 DATE: 22-02-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ચીનમાં ખ્રિસ્તીઓની સતાવણી વધી રહી છે : રીપોર્ટ



ચાઈનીઝ હ્યુમન રાઈટસ ઓરગેનાઈઝેશન દ્વારા જારી કરવામાં આવેલ રીપોર્ટ મુજબ ચીનમાં ખ્રિસ્તીઓની સતાવણીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.ઉપરોક્ત ફોટા મુજબ કેટલાક ખ્રિસ્તીઓ ઈસ્ટર સર્વીસ દરમિયાન નાનતાંગ ચર્ચ,બેઈજીંગ ચાઈના ખાતે પ્રાર્થના કરી રહ્યા છે. ૨૦૧૩માં ચાઈના એઈડ્સ પર્સીક્યુશન રીપોર્ટમાં આ બાબતે પ્રકાશ પાડવામાં આવ્યો હતો.ખ્રિસ્તીઓની સરકાર તરફથી કરવામાં આવતી સતાવણી ૨૦૧૨-૨૦૧૩માં ૩૮.૮૨ ટકાનો વધારો સુચવે છે.જેટલા સતાવણીના કેસો નોધવામાં આવ્યા છે તેમાં લોકોની સતાવણી,લોકોની ધરપકડ,લોકોને કરવામાં આવેલ સજા,અને લોકોને કરવામાં આવેલ પજવણીનો સમાવેશ થાય છે.

નાટ્યાત્મક કુદકો ૨૦૧૨ બાદ આવ્યો.૪૯૧૯ સતાવણીના કેસો બન્યા હતા તેમાં ૨૦૧૩ માં તે આંકડો ૭૪૨૪નો થઈ ગયો એટલે કે ૫૦.૯ ટકાનો વધારો એક વર્ષ બાદ નોધાયો હતો.પજવણીના કેસોમાં થોડોક અંક ઘટ્યો જે ૨૦૧૨ કરતાં ૪૨.૯ ટકાનો ઘટાડો સુચવે છે.હાઉસ ચર્ચોની સતાવણીમાં તેમને રાજ્યના ત્રણ મોટા સેલ્ફ ચર્ચોમાં જોડાવાનો હુકમ કરવામાં આવ્યો છે.અને તેમ ના કરો તો તેમની પર પ્રતિબંધ રહેશે.જેથી તેઓ પ્રાર્થના કરવા કોઈ ગ્રુપમાં એકઠા મળી શકશે નહી.હાઉસ ચર્ચોની મીટીંગ પર દરોડા,ધરપકડો,માર મારવો અને કેટલાક કેસોમાં જેલવાસ ચાલુ રહેશે.આમ ચીનમાં હાઉસ ચર્ચો પર પ્રતિબંધ અને સતાવણી ચાલુ છે.



## ખ્રિસ્તી મિશનરીઓએ આ દેશમાં શિક્ષણ અને આરોગ્ય માટે સૌથી મોટુ યોગદાન આપ્યુ છે- દલાઇ લામા

શિલોંગ,મેઘાલય ખાતે ફેબ્રુઆરી ૫ના રોજ ઈન્ટરફેઈથની યોજાયેલ એક મીટીંગમાં હીઝ હોલીનેશ દલાઈ લામાએ કહ્યું હતું કે આ દેશમાં ખ્રિસ્તી મિશનરીઓએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સહુથી મોટું યોગદાન આપ્યું છે જેનો જોટો જડે તેમ નથી.દલાઈ લામા તિબેટીયન લોકોના ધર્મગુરુ છે.ખ્રિસ્તી મિશનરીઓએ દેશના અંતરિયાળ અને છેવાડાના વિસ્તારોમાં અતિ ગરીબ લોકો મધ્યે પોતાનું કાર્ય કર્યું છે.યુ સોસો થાન ઓડીટોરીયમ ઓફ માર્ટિન લ્યુથર ક્રિશ્ચિયન યુની.ખાતે યોજાયેલ સર્વધર્મ શિબિરમાં તેઓએ આ બાબતે જણાવ્યું હતું.આ શિબિરમાં ૧૩ વિવિધ ધર્મોના હજારો લોકો જોડાયા હતા.તેમણે વધુમાં કહ્યું હતું કે ખ્રિસ્તી સાધ્વીઓ ધ્વારા કરવામાં આવેલ કુરબાનીની હું પ્રશંસા કરુ છું કારણકે તેઓ સુખી જીવન ત્યજીને કોઈપણ જાતની સગવડો વગરની પછાત વિસ્તારોમાં કાર્ય કરે છે.જે બુધ્ધિષ્ઠ સાધુઓ ભુતકાળમાં કરતા હતા.દલાઈ લામા આ રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા હતા.તેમણે કહ્યું હતું કે ધર્મોની અલગ અલગ ફીલોસોફી હોઈ શકે છે.પરંતુ તેમનો આખરી પડાવ તો માત્ર પ્રેમ છે અને કોઈપણ જાતનો રાગદ્વેષ કે ઝગડો નથી.ભારતનું બંધારણ પર બિનસાંપ્રદાયિકતામાં માને છે.અને તેમાં તમામ ધર્મો પ્રત્યે માન દર્શાવવામાં આવ્યું છે.ભ્રષ્ટાચાર એ તાજેતરના સમયનું કેન્સર છે.હાલમાં જે શિક્ષણ અપાઈ રહ્યું છે તેમાં અહીંસાનો ખરો અર્થ બાલમંદિરથી યુની.સુધી શીખવાડવો જોઈએ. જીવનમાં નૈતિક મુલ્યો શીખવવા જોઈએ જેથી ચોખ્ખો અને સારો સમાજ મળી શકે.હાલનું શિક્ષણ લોકોમાં ભાગલા પાડી રહ્યું છે.ભુતકાળમાં માર્ટિન લ્યુથર ક્રિશ્ચિયન કોલેજમાં ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સંબોધવા માટે દલાઈ લામાને આમંત્રણ આપવામાં આવ્યું હતું.ત્યારે તેમને માનદ ડોકટરેટ ઈન ફીલોસોફી બાય ક્રિશ્ચિયન કોલેજ તરફથી આપવામાં આવ્યું હતું.

## સીરીયામાં ખ્રિસ્તીઓને ઇસ્લામીક આતંકવાદીઓ દ્વારા નિશાન બનાવાય છે.: ખ્રિસ્તી નેતાઓનો આક્રોશ

સીરીયન ખ્રિસ્તીઓના નેતાઓ વોશિંગ્ટન ડી.સી.ના ગત સપ્તાહે લીધેલ મુલાકાત સમયે જણાવ્યું હતું કે સીરીયામાં ઈસ્લામીક આતંકીઓ દ્વારા ખ્રિસ્તીઓને નિશાન બનાવાઈ રહ્યા છે.બાર્નાબાસ ફંડ અને વેસ્ટમીનીસ્ટર ઈન્સ્ટીટ્યુટ ઈન યુએસ દ્વારા આ મુલાકાત સ્પોન્સર કરવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન તેઓ એક ચર્ચામાં ભાગ લેવાના હતા. હેરીટેજ ફાઉન્ડેશન દ્વારા,યોજાયેલ ચર્ચામાં મુખ્ય મુદ્રાલેખ ડીસ્ટ્રકશન ,ધ પ્લાઈટ ઓફ સીરીયાઝ ક્રિશ્ચિયન હતો. ૨૦૧૩માં સીરીયામાં ૧૨૦૦ ખ્રિસ્તીઓની બહેરમીથી હત્યા કરવામાં આવી હતી, તે બાબતે ચર્ચાયું હતું.૬ લાખ ખ્રિસ્તીઓ સીરીયા છોડી ગયા હતા. હજુ ઘણા બધા ખ્રિસ્તીઓ સીરીયામાં છે.પરંતુ તેઓ હિંસાના ઓથાર નીચે જીવી રહ્યા છે.તેમજ અન્ય લોકો ની જેમ પુષ્કળ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.,સીરીયામાં ચાલી રહેલ લડાઈમાં ૩૦ થી ૪૦ ટકા ચર્ચોનો સફાયો થઈ ગયો છે તેવું બાર્નાબાસ ફંડે જણાવ્યું હતું.



**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવક્રાંતિ

યુપીએ સરકારના કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિદમ્બરે સંસદમાં વચગાળાનું બજેટ રજુ કર્યુ.લોકસભાની ચુંટણી આવી રહીછે તેથી સ્વાભાવિક છે કે સરકારને ચુંટણીમાં મદદરુપ થાય તેવું બજેટ મુકવું પડે. આ કોગ્રેસની સરકાર છે એટલે નહી પરંતુ કોઇપણ રાજકીય પક્ષની સરકાર હોય તો તેમણે આજ કરવું પડે.

કોગ્રેસ પક્ષે તેની અપેક્ષા મુજબ બજેટને સારુ કહ્યુ,તો ભાજપ સહિતના વિરોધ પક્ષોએ ટીકા કરી છે. કેટલાક પક્ષો પ્રતિક્રિયા આપવાથી દુર રહ્યા છે.ઉદ્યોગ જગતે તેને સમતોલ બજેટ ગણાવીને તેની પ્રશંસા કરી છે.ભાજપે તો આ બજેટને યુપીએ સરકારનું ફેરવેલ બજેટ ગણાવ્યું હતું. તેના નેતા મુખ્તાર નકવીએ કહ્યુ હતું કે સરકારે છેલ્લા દસ વર્ષમાં બેરોજગારી, ફુગાવા અને ભ્રષ્ટાચાર માટે કંઇ પણ કર્યુ નથી.હવે જ્યારે તે અંગે કંઇક કરવાનો મોકો આવ્યો છે ત્યારે તેમણે મતદારોને આર્કષવા માટે પ્રયત્ન કર્યો છે.યુપીએ સરકારનું આ બજેટ માત્ર ચાર મહિના પુરતુ સીમીત રહેશે કારણકે મેમાં લોકસભાની ચુંટણી હોઇ તેમા સરકાર બદલાય તો નવું બજેટ આવે તેમાં આ બજેટના અનેક પગલાં બદલાઇ શકે છે.

આપની પરિભાષામાં ફેરફારો થયા છે.હવે કેજરીવાલે કહ્યું છે કે તેઓ ઉદ્યોગપતિઓની વિરુધ્ધ નથી પરંતુ દેશને લુંટનારાની વિરુધ્ધમાં છું.દોઢ મહિનાના વહીવટમાં કેટલીક સરકારો કરતાં પણ વધુ કામ કરી હોવાની વાત પણ કરી છે.અને ભ્રષ્ટાચાર ઘટાડી દીધો છે.જો કે તેમની વાતોને હવે મીડીયા બકવાસ જોવા લાગી છે. કેજરીવાલના ગુરુ અણ્ણા હજારેએ કેજરીવાલની નીતિઓની આકરી ટીકાઓ કરી છે.લોકસભાની ચુંટણીઓ પહેલા હજુ તેઓ કેવા ખેલ પાડે છે તે જોવા લોકો આતુર તો છે પરંતુ વિધાનસભાની માફક તેમને સફળતા મળે તેવી કોઇ શક્યતાઓ હાલ પુરતી દેખાતી નથી.જો કે કેજરીવાલ ની અસરો તાજેતરમાં જોવા મળી છે તેની નોંધ લેવી પડે.ગુજરાતમાં સીએનજી અને પીએનજી ગેસના ભાવોમાં મોદીની સરકારે તાત્કાલીક અસરથી ૧૧ થી ૧૨ રુપીયા સુધીનો ઘટાડો જાહેર કર્યો છે.જો કેજરીવાલ અસરકારક રીતે કામ કરે તો દેશના તમામ સામાન્ય અને મધ્યમવર્ગના લોકોને મોઘવારીમાં ફાયદો થઇ શકે તેમાં બેમત નથી.જ્યાં સુધી ભ્રષ્ટાચારનો સવાલ છે તો તેને સમુળગો તો નાબુદ કરવાનું સહેલું નથી પરંતુ તેની ઉપર કાબુ મેળવી શકાય અને લોકો લાંચ આપતા કે લેતા પહેલાં અચકાય જરુર.દેશના ઉદ્યોગપતિઓએ જે લુંટ ચલાવી છે તેને કાબુમાં લાવી શકાય તેવુ કેજરીવાલની અસરો કહી શકે છે.


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# પાકિસ્તાનમાં ફેડરલ શરીયત કોર્ટે ધર્મપરિવર્તનના ગુનામાં માત્ર મોતની સજા નક્કી કરી

ગત માસમાં ફેડરલ શરીયત કોર્ટે પાકિસ્તાનમાં ધર્મપરિવર્તનના કાયદાની સજામાં સુધારો કરીને આજીવન કારવાસને બદલે મોતની સજા જ રાખવાનું નક્કી કર્યુ હતું.આજીવન કારાવાસની સજા આ ગુનામાંથી રદ કરવામાં આવી હતી. પાકિસ્તાનની સરકારને કોર્ટે એક માસનો સમય આપ્યો છે કે તેઓ આ ઓર્ડરને બહાલ કરે જેથી આ નિર્ણયને કોઇ ચેલેન્જ કરી શકે નહી

નાસીર સઇદ,ડીરેક્ટર ઓફ કલાસ- યુકે જણાવ્યું હતું કે જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે તો તે શરીયા કાયદો બની જશે.જે અનેક વિવાદો ઉભા કરી શકશે.કારણકે ધર્મનિંદાના આરોપીઓનો કેસ શરીયા કોર્ટમાં જ ચાલે છે.આ અંગેનો અસલ કાયદો ૧૯૯૦માં બનાવવામાં આવ્યો હતો.સરકાર આ કાયદોનો અમલ કરવાનું ચુકી ગઇ તેથી ૨૩ વર્ષ બાદ ફરીથી આ કાયદાને અમલમાં લવાઇ રહ્યો છે.

જો કે આ એક જોગાનુજોગ ઘટના છે કે આ કાયદો નવાઝ શરીફના સત્તાકાળ દરમિયાન જ બનાવાયો છે.એક મહીનો વિતિ જવા આવ્યો છે સરકાર તરફથી કોઇ પગલાં લેવામાં આવ્યા નથી. નાસીર સઇદે પરિસ્થિતિ બાબતે વધુમાં જણાવ્યું હતું કે નોન મુસ્લીમોને કેટલાક ગંભીર બાબતોનો સામનો કરવો પડશે તેમજ ન્યાય માટે તેમને અત્યંત કઠણ પરિસ્થિતિમાંથી પસાર થવું પડશે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે તો.

અમો બધા જાણીએ છીએ કે આ ધર્મપરિવર્તનના કાયદાનો દુરપયોગ થઇ રહ્યો છે તેમજ પોતાના અંગત હિતોને ધ્યાનમાં રાખીને આ કાયદામાં નોન મુસ્લીમોને ફસાવવામાં આવે છે. પરંતુ આ નવા નિર્ણયને કારણે હવે આ કાયદાનું વજુદ ખુબ ઉંચુ બની જશે અને ધાર્મિક લઘુમતિઓ જે આ કાયદાનો શિકાર બનશે તેઓ તેનો બચાવ કરવાની સ્થિતિમાં નહી રહે,જો આ શરીયા કાયદા તરીકે અસ્તિત્વમાં આવશે તો.ઇસ્લામીક કટ્ટરવાદીઓ દ્વારા ઘણા લાંબા સમયથી માંગણી છે કે આ કાયદા હેઠળ શરીયા કોર્ટમાં કેસ ચલાવાય.મોટા ભાગના




ઉલેમાઓ( ધ ઓલ પાકિસ્તાન ઉલેમા કાઉન્સીલ) જે એક મુસ્લીલ સંસ્થા પાકિસ્તાનમાં ચાલે છે જેના સભ્યો મુલ્લાઓ,મોલવીઓ અને ઇસ્લામનું ભણતા વિદ્યાર્થીઓ છે.તેઓ ધર્મનિદાને મોટુ પાપ ગણાવે છે.આ પૈકીના કેટલાક લોકો એવી માન્યતા ધરાવે છે કે ધર્મનિદાના આરોપસર કોઇ કેસ ચલાવવાની જરુર જ નથી.જે ગુનેગાર પકડાય તેને તાત્કાલિક સ્થળ ઉપર જ સજા આપી દેવાની. કે જે દરેક મુસ્લીમની ફરજ છે જેને પુરી કરવી જરુરી છે. આ પ્રકારની માન્યતા લઘુમતિઓના હિતમાં નથી.અને જો આ પ્રકારનો કાયદો અમલમાં આવશે તો લોકો પબ્લીક જસ્ટીસ કરશે પરિણામે હિંસાનું પ્રમાણ વધી જશે.ધર્મનિંદાના કાયદામાં મોટેભાગે પોતાના સ્વાર્થી હેતુઓની પરિપુર્તિ માટે આ કાયદાનો દુરપયોગ કરવામાં આવી રહ્યો છે તે જાણવા મળ્યું છે.સજામાં વધારો થવાથી લોકો વધુ પ્રમાણમાં આ કાયદાનો સહારો લઇને લઘુમતીઓને પીડશે.

અનુ. પાન ૩ નું ચાલુ

મશીનો અને વધારે એન્જિનિયરો, ડૉક્ટરો અને પ્રોફેસરોની આવશ્યકતા નથી એ સિદ્ધ થઇ ચૂક્યું છે. મને પાકો વિશ્વાસ થઇ ગયો છે કે આવા લોકો દિલ અને દિમાગથી દુર્બળ હોય છે. એમની જીવનશૈલી એવી હોય છે કે તેઓ ગાંધીજીની આ ઝૂંપડીથી મોટી વિશાળ જગામાં રહેવાનું પસંદ કરે છે. મને એમના પર દયા આવે છે. એમણે પોતાની આ રહેણીકરણીથી પોતાને સંપૂર્ણ પરાશ્રિત કરીને જડ મકાન માટે સ્વયંને પણ જડવત્ બનાવી દે છે. જીવનક્રમમાં એમના શરીરનું લચીલાપણું અને જીવન શક્તિ નષ્ટ થઇ જાય છે, એમનો કુદરત સાથેનો સંબંધ તૂટી જાય છે અને સાથેના લોકોથી અંતર વધી જાય છે.

આજના યોજનાકારોને હું કહું છું કે ગાંધીજીની સાદી-સીધી, સરળ વિચારધારાને કેમ ગ્રહણ નથી કરતા? એમનો ઉત્તર હોય છે કે ગાંધીજીનો માર્ગ બહુ જ કઠણ છે અને સામાન્ય લોકો એને અપનાવવા માટે અસમર્થ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીજીના સિદ્ધાંતમાં કોઇ પણ વચેટિયાને સ્થાન નથી. કેન્દ્રીયકૃત પ્રણાલીને એ સહન નથી કરતા. સત્ય અને અહિંસાનો સીધો સાદો નિયમ પણ સમજમાં નથી આવતો એ કેવી વાત છે? લોકો પોતાના લક્ષને પામવા માટે અસત્ય અને હિંસાને સાચી માને છે એ તર્ક શું સાચો છે? એવું નથી. સામાન્ય માણસ સારી રીતે સમજે છે કે સાચા સાધનોથી જ સાચું લક્ષ મેળવી શકાય છે. એ તો કેટલાક સ્વાર્થી લોકો છે, જેઓ આ દર્શનને સમજવા માટે મોં ફેરવી લે છે. ધનવાન લોકો ક્યારેય પણ આ સમજવાના નથી.

જ્યારે હું ધનવાન લોકો કહું છું ત્યારે તેનું તાત્પર્ય એ છે કે એ લોકોએ એવી જીવનની બધી સગવડો મેળવી લીધી છે, જે સામાન્ય માણસ માટે ઉપલબ્ધ નથી. એમની રહેણી-કરણી, ખાણી-પીણી, હરવું-ફરવું અને ઉપભોગની પદ્ધતિ એવી છે કે તેઓ સત્યને ઓળખવાની .


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્ડી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઇ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨

# ગાંધીજીની ઝુંપડી-ઇવાન ઇલિચ

(મેક્સિકોના વિશ્વ પ્રસિદ્ધ વિચારક ઈવાન ઈલિચ જાન્યુઆરી ૧૯૭૮માં સેવાગ્રામ (વર્ધા)માં 'વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' સંમેલનના ઉદ્ઘાટન માટે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની ઝૂંપડીમાં વિતાવ્યો અને પોતાના ઉદ્ઘાટન ભાષણમાં અનોખી શૈલીમાં શાંતિ તત્ત્વનું વિવેચન કર્યુ. સં.)

મારા મિત્રો,

મહાત્મા ગાંધી જ્યાં રહેતા હતા એ ઝૂંપડીમાં હું આજ સવારથી છું. હું એમના વિચાર, દર્શન તથા સંદેશથી એક આત્મ-પ્રેરણા મેળવી રહ્યો છું. એની એક બાજુ આધ્યાત્મિક છે અને બીજી છે સાધનો-સગવડોનું મહત્ત્વ. આ ઝૂંપડીને બનાવવા પાછળ ગાંધીજીનો કયો દૃષ્ટિકોણ હતો એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની સાદગી, સુંદરતા અને સ્વચ્છતા મને બેહદ પસંદ આવી છે. આ કુટી પ્રેમના સિદ્ધાંત અને સર્વસમભાવનો નિરંતર ઘોષ કરે છે. મને મેક્સિકોમાં જે મકાન આપવામાં આવ્યું છે, તે ઘણી રીતે આ ઝૂંપડી જેવું છે, એટલા માટે હું એના મૂળ ઉદ્દેશને સમજી શકું છું. આ ઝૂંપડીમાં સાત પ્રકારના ઓરડા છે. જ્યારે તમે દાખલ થાવ છો તો તમારાં પગરખાં ઉતારવાની એક જગા છે, જેથી તમે સ્વસ્થ ચિત્તે અંદર જઇ શકો.પછી વચમાં એક ઓરડો છે. જે એટલો મોટો છે કે એમાં એક મોટો પરિવાર રહી શકે. આજે સવારે ચાર વાગ્યે હું પ્રાર્થના માટે બેઠો તો મારી સાથે બીજા ચાર લોકો હતા, જે એક દીવાલને અડીને ઊભા હતા અને બીજી બાજુ પણ એક વિશાળ જગા હતી, જ્યાં લોકો પાસેપાસે બેસી શકે. ત્રીજો ઓરડો ગાંધીજી પોતે બેસતા અને કામ કરતા હતા, એ સિવાય બીજા બે ઓરડા હતા- એક મહેમાનો માટે અને બીજો દરદીઓ માટે. અહીં એક ખુલ્લો વરંડો અને શૌચ વગેરે માટે સ્નાનઘર પણ છે. ઝૂંપડીના આ બધા ઓરડા એક-બીજા સાથે સંકળાયેલા છે.જ્યારે હું સીધો હિન્દુસ્તાનીઓની દૃષ્ટિએ વિચારું છું, તો મને લાગે છે કે કોઈ ધનવાન માણસ આ ઝૂંપડીમાં આવે, તો એની મજાક ઉડાવે. આ ઝૂંપડી કરતાં મોટા મકાનની કોઈને આવશ્યકતા હોય એવું મને લાગતું નથી. આ ઝૂંપડી વાંસ અને માટીના ગારાથી બની છે, એનું નિર્માણ લોકોના હાથે થયું છે, મશીનથી નહીં. હું એને ઝુંપડી કહી રહ્યો છું. પરંતુ વાસ્તવમાં એ ઘર છે. ઘર અને આવાસમાં અંતર હોય છે. જ્યાં માણસ પોતાનાં બિસ્તરાપોટલાં અને ફર્નીચર વગેરે રાખે છે, તે આવાસ કહેવાય છે. ત્યારે એની સુરક્ષા અને ફર્નીચર વગેરેનું ધ્યાન માણસ કરતાં વધારે રાખવું પડે છે. દિલ્હીમાં મને જ્યાં રાખવામાં આવ્યો હતો, તે આવાસ હતો, કારણ કે એમાં અનેક પ્રકારની સગવડો હતી. સિમેન્ટ અને લોખંડથી બનેલો આવાસ પેટી જેવો હોય છે. જેમાં ફર્નીચર અને અન્ય સામાન રહે છે. આ શાન મેળવવા માટે આપણે આખું જીવન ખર્ચી નાખીએ છીએ. તોપણ એનાથી આપણને આંતરિક તાકાત મળતી નથી. કહેવાનો અર્થ એ છે કે આ સામાન વ્યક્તિને અપંગ બનાવી દે છે. એટલે કે જેટલી વધારે સગવડો એટલી નિર્ભરતા વધે છે. ત્યારે આપણું જીવન બંધિયાર અને સીમિત થઈ જાય છે. જ્યારે હું ગાંધીજીની ઝૂંપડીમાં મૂકેલા ફર્નીચરને જોઉં છું, ત્યારે એની પર નિર્ભર રહેવું પડતું હોય એમ લાગતું નથી. બધા પ્રકારની સગવડોથી ભરપૂર આવાસથી એ નક્કી થઈ જાય છે કે આપણે દુર્બળ બની ગયા છીએ. આપણામાં જીવનશક્તિનો હ્રાસ જેટલો થાય છે, એટલા જ આપણે વસાવેલા સામાન પર નિર્ભર બનતા જઈએ છીએ. જનસમુદાયના આરોગ્ય માટે. હૉસ્પિટલ પર નિર્ભર રહીએ છીએ કે બાળકોના શિક્ષણ માટે સ્કૂલોનો આશ્રય લઈએ છીએ. હૉસ્પિટલ અને સ્કૂલ દેશના લોકોનું આરોગ્ય અને શિક્ષણનું પ્રતિબિંબ બને એ સૌભાગ્ય સૂચક નથી. વાસ્તવિકતા તો એ છે કે મોટી સંખ્યામાં હૉસ્પિટલો હોવી, એ લોકોની રોગિષ્ઠ દશા દર્શાવે છે. અને વધારે સ્કૂલોથી અજ્ઞાનની ઝલક મળે છે. ઠીક એ રીતે જીવનમાં સગવડોના બાહુલ્યથી માનવીય જીવનમાં સૃજન ક્ષમતાની ઊણપ દેખાય છે.

વધારેમાં વધારે સગવડોથી યુક્ત લોકોને ઉચ્ચ કોટિમાં ગણવામાં આવે છે એ દુર્ભાગ્યની વાત છે. જેમાં રોગને વધારે મહત્ત્વ આપવામાં આવે અને કૃત્રિમ પગવાળા લોકોને ઊંચા માનવામાં આવે એવા સમાજને નીતિવિહીન નહીં માનવામાં આવે? ગાંધીજીની આ ઝૂંપડીમાં બેસીને આ પ્રકારની વિકૃત વિચારધારા વિષે વિચારીને હું દુઃખી થઇ ગયો છું. હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે ઔદ્યોગિક સભ્યતાને માનવ વિકાસ માટે પ્રશસ્ત માર્ગ માનવો બિલકુલ ખોટું છે. આર્થિક ઉન્નતિ માટે ઉત્પાદન વધારનારા મોટા મોટા

અનુ.પાન નં ૨ ઉપર

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

# ધાર્મિક સ્વાતંત્રતા માટેનું ૨૦૧૩નું વર્ષ ક્યુબા માટે ખરાબ રહ્યું છે



ધ એડવોકેસી ગ્રુપ ક્રિશ્ચિયન સોલીડારીટી વર્લ્ડવાઈડે ક્યુબાની નેતાગીરીને તેમના દેશમાં ધાર્મિક સ્વાતંત્રતા સ્થાપવા માટે અનુરોધ કર્યો છે.સીએસડબલ્યુના ચીફ એકઝીક્યુટીવ મેરવીન થોમસે જણાવ્યું હતું કે અમો ક્યુબામાં ધાર્મિક સ્વાતંત્રતાની સતત અવગણના થઈ રહી છે તે બાબતે ચિંતિત છીએ.ગત વર્ષે ક્યુબામાં દર રવિવારે ધાર્મિક સ્વાતંત્રતા જોખમાઇ હતી.તેમજ સરકારે ધાર્મિક સ્વાતંત્રતાનો સતત ભંગ થયો હતો તે સામે આંખ આડા કાન કર્યા હતા.સીએસડબલ્યુએ આ બાબતે ૧૮૫ જેટલા કેસોના રીપોર્ટ રજુ કર્યા હતા.૨૦૧૨માં આવા કેસોની સંખ્યા ૧૨૦ હતી.આ હિંસક ઘટનાઓમાં નિશાન બનાવાયેલા લોકો પૈકી કેથોલીક, બેપ્ટીસ, પેન્ટીકોસ્ટલ અને મેથોડીસ્ટ સંપ્રદાયના ખ્રિસ્તી લોકો હતા.જે લોકો નિયમિત ચર્ચોમાં જતા હતા તેમને કોઈ પ્રકારના આક્ષેપો હેઠળ કેસો કરીને ચર્ચોમાં જતા રોકવામાં આવ્યા હતા.આ ઉપરાંત એવા અન્ય પણ રીપોર્ટ મળ્યા હતા જેમાં ખ્રિસ્તીઓને સતાવવામાં આવ્યા હતા તેમજ સ્ટેટ સીક્યુરીટી સર્વીસ દ્વારા ધાર્મિક સંસ્થાઓને ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવી હતી.

સીએસડબલ્યુ દ્વારા જણાવાયું હતું કે આવું દબાણ રીલીજીયસ એફેર્સ ઓફ ધ સેન્ટ્રલ કમિટિ ઓફ ધ ક્યુબન કોમ્યુનીસ્ટ પાર્ટી તરફથી હતું.તેમનો ઈરાદો આ માટે એવો હતો કે આ ધાર્મિક સંપ્રદાયના લોકોમાં એવી ધાક ઉભી કરવી જેથી તેઓ લોકશાહી ઢબે વિચારી શકે નહી.તેથી સેન્ટ્રલ ગર્વ.ને ચર્ચો પર કાબુ મેળવવામાં કોઈ પણ પ્રકારની તકલીફ પડે નહી.જે લોકો સરકારને પડકારે નહી અને જો તેમ કરવામાં આવે તો સરકાર તેમને કાયદા હેઠળ બંધ કરી શકે.આ પ્રકારના માનવ અધિકારોનું હનન આ વર્ષના અંત સુધી ચાલુ રહ્યું હતું.૨૦મી ડિસેમ્બરે છ ખ્રિસ્તી વ્યક્તિઓને કે જેઓ પ્રોટેસ્ટંટ હતા તેમને મારવામાં આવ્યા એ ત્યારબાદ નવ કલાક સુધી જેલમાં પુરી રાખવામાં આવ્યા હતા.આ જેલ બારી વગરની હતી.જેમાં પ્રકાશ પણ આવી શકે તેમ નહોતો.કેટલાક દિવસો બાદ ૨૨ ડિસેમ્બરના રોજ ૬૦ મહિલાઓ કે જેઓ વાઈટ મુવમેન્ટમાં જોડાયેલ હતી કે જેઓ માનવ અધિકારો માટે વિરોધ કરતાં જેલમાં પુરવામાં આવ્યા હતા તેમને છોડાવવા માટે વિરોધ પ્રદર્શન કરી રહી હતી,તેઓની ધરપકડ કરવામાં આવી હતી.તેમજ તે મહિલાઓને માસમાં જવાની રજા આપવામાં આવી નહોતી.આમ ક્યુબન સત્તાવાળાઓ તરફથી દેશમાં ધાર્મિક સ્વાતંત્રતા મિટાવી દેવા પ્રયત્ન જારી છે.ધાર્મિક સંગઠનોના બેક એકાઉન્ટ સરકાર દ્વારા ફ્રીજ કરી દેવાયા છે.તેમજ ધાર્મિક સંગઠનોની મુલાકાતે આવનારા લોકોના વિઝા રદ કરી દેવાયા છે.કેટલાકમાં જેઓને પરદેશ જવું હોય તેવા કિસ્સાઓમાં વાઈટ કાર્ડ આપવામાં આવે છે.એપોલોસ્ટીક મુવમેન્ટા બે લીડરોને ૨૦૧૩માં તેમના પર ક્યુબા છોડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.અને તે માટે સરકારે કોઈ કારણો આપ્યા નથી.

મી. થોમસે જણાવ્યું કે ૨૦૧૪ની સ્થિતિ આનાથી પણ ગંભીર બની શકે તેમ છે.અમો એ બાબતે ચિંતિત છીએ કે સરકાર પોતાનું વર્ચસ્વ જાળવવા માટે ધાર્મિક ગ્રુપો પર વધુ દબાણ લાવશે અને ધાર્મિક સ્વાતંત્રતા ઉપર એકદમ કાપ મુકી દેશે.તેમાંય ખાસ કરીને વા કાયદાઓ મુજબ તમામ ખ્રિસ્તી સંસ્થાઓ તેમજ ચર્ચોને એકજ બેંકમાં એકાઉન્ટ રાખવાના રહેશે જે સરકાર દ્વારા ચાલતી હોય.જેથી સરકાર વ્યક્તિગત ચર્ચના એકાઉન્ટ પણ ફ્રીજ કરી શકે.આમ તેઓ દબાણ ઉભુ કરવા માંગે છે.તેમજ ખ્રિસ્તીઓને હેરાન કરવા માંગે છે.આ એક ગંભીર ખતરો દેખાઈ રહ્યો છે.અમે ફરીથી એકવાર રાઉલ કાસ્ટ્રોને વિનંતી કરીએ છીએ કે ૨૦૧૪માં સરકાર ધાર્મિક સ્વાતંત્રતા માટે ખતરો ના બને તે દિશામાં નજર કરે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# પ્રગતિ કરવા માટે બાંધછોડ કરવી પડે,જેને સમાધાન કહેવાય

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઈ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષો પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઈ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઈ ને કોઈ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઈ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા)(૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઈએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયને સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઈ. એવી જ રી તે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઈએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઈ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હ્રદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઈને ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઈમાં પોતાને મલાઈ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઈ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઈ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઈનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઈએ છીએ કે સમાજના આગેવાનો કોઈને લડાઈ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ ક્યાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે 'સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે 'પોતાના હિતો સચવાઈ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જ્યારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે. ફરીથી એની એ જ લડાઈઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઈ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એની સાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઈ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઈઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઈપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઈ દેશ હોય કે, આપણા સમાજનો કોઈ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય છે. જે આપણને કશું જ કરી શકે એમ ન હોય એની સાથે સંધિ કેવી ?સંધિ એ રાજનીતીનો એક ભાગ છે.એમાં તો લાભાલાભનો જ વિચાર કરવો પડે છે. જીવનમાં ક્યારેક આપણે જેને દુશ્મન માનતા હોઈએ એવો માણસ પણ આપણા પર ઉપકાર કરતો હોય છે. ઉપકાર કરનાર શત્રુની સાથે સંધિ કરવી જોઈએ.તેના બે લક્ષણ જાણવા જોઈએ,ઉપકાર અને અપકાર, આપણે કહીએ છીએ કે કોઈ વેંત નમે તો આપણે હાથ નમવું જોઈએ. એમાં જ આપણી માનવતા રહેલી છે. જો શત્રુ આપણા હિતનાં વિચાર કરતો હોય તે એની સાથે સમાધાન કરવુ એ યોગ્ય જ ગણાય છે. જો બે રાજાઓ સમાધાન કરે અથવા બે રાષ્ટ્રો સંધિ કરે તો એનુ પાલન કોણે કરવાનુ ?જે તે રાષ્ટ્ર અને તેની પ્રજાએ. સંધિ જો પ્રજાના હ્રદય સુધી પહોંચે નહીં તો એનો અર્થ સરતો નથી.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)

## જાણવા જેવું !

ગોકળગાય સતત ત્રણ વર્ષ સુધી ઉંઘી શકે છે.
ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઈ શકતા.
સાપની રોગપ્રતિકારક શક્તિ તેના ઝેરમાં રહેલી હોય છે.
નવું જન્મેલું કાંગારુનું બચ્ચું માત્ર એક ઈંચ લાંબુ હોય છે.
સોનેરી બાટણ નામનું પક્ષી એક જ ઉડાણમાં ૪૦૦૦ કી.મી. અંતર કાપી શકે છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.